



## મહેસાણામાં કોંગ્રેસની ચિંતન શિબિર

મહેસાણા-અમદાવાદ હાઈવે પર આવેલ સેફ્રોની રિસોર્ટમાં આજથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસની ત્રિદિવસીય ચિંતન શિબિર શરૂ થઈ છે. જેમાં વિધાનસભા ચૂંટણીના પરિણામ બાદ સકારાત્મક તેમજ નકારાત્મક મુદાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ શિબિરમાં પ્રદેશ પ્રભારી અશોક ગહેલોત તેમજ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ વન ટુ વન જીતેલા અને હારેલા તમામ ઉમેદવાર તેમજ હોદ્દેદારોને સાંભળી ઉંડાણપુર્વક સમીક્ષા કરી હતી. છેલ્લા દિવસે રાહુલ ગાંધી હાજર રહી કોંગ્રેસના કાર્યકર તેમજ હોદેદારો સાથે સંવાદ કરશે. આગામી લોકસભાની ચૂંટણી માટે પૂર્વ તૈયારીઓ આરંભી દેવા કાર્યકરો તેમજ હોદેદારોને આહ્વાન કરાયું છે.

# અરવલ્લી જિલ્લામાં વાદળછાયા વાતાવરણથી ઠંડીની તીવ્રતામાં વધારો

અરવલ્લી, તા. ૨૦

અરવલ્લી જિલ્લામાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના લીધે સતત વાદળછાયું વાતાવરણના લીધે મહત્તમ તાપમાનમાં એકથી દોઢ ડિગ્રીનો ઘટાડો થતા ઠંડીની તીવ્રતામાં નોંધપાત્ર વધારો થતા જિલ્લાવાસીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા. હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી ૪૮ કલાકમાં છુટા છવાયા વરસાદી છાંટા પાડવાની શક્યતા હોવાનું જણાવતા જિલ્લાના ભૂમિ પુત્રો ચિંતિત બન્યા છે.

અરવલ્લી જિલ્લા સહીત સમગ્ર ઉત્તરગુજરાતમાં આગામી સમયમાં ઠંડીનો ચમકારો વર્તારામાં વધારો થવાનો અહેસાસ થઈ રહ્યો છે. ઉત્તર ભારતમાં થયેલી હિમવર્ષાને કારણે ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે. જિલ્લામાં વહેલી સવારે અને રાત્રે ફુલગુલાબી ઠંડીનો અહેસાસ પ્રજાજનો અનુભવી રહ્યા છે. જિલ્લામાં હવામાન વિભાગના સૂત્રો દ્વારા છુટા છવાયા વાદળોના પગલે વરસાદી છાંટા પડવાની સંભાવના હોવાનું જાણવા મળતા શિયાળુ ખેતી પાક પર જીવાતનો ખતરો પેદા થતા ખેડૂતો ચિંતિત બન્યા છે. છેલ્લા એક સપ્તાહથી ધુમ્મસના કારણે ઝાકળ વૃષ્ટિ થતી હોવાના કારણે જીરૂ સહિતના પાકોને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે પરંતુ એકાદ બે દિવસમાં ઠંડીનો ચમકારો વધવાની સાથે



વાદળો વેરાઈ જશે. જિલ્લામાં ઓખી વાવાઝોડાની અસર બાદ સતત વાદળછાયું વાતાવરણ રહેતા જિલ્લાના પ્રજાજનોમાં શરદી-ખાંસીના રોગનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે.



## સાબરકાંઠા બેંક ધ્વારા બન્ને ધારાસભ્યોનું કરાયું સન્માન

હિંમતનગરના ધારાસભ્ય અને સાબરકાંઠા બેંકના ડીરેકટર વર્તમાન વિધાનસભાની ચુંટણીમાં ફરીથી ચુંટાઈ આવતા રાજેન્દ્રસિંહ ચાવડા તથા બેંકના ડીરેકટર ગજેન્દ્રસિંહ પરમાર પણ પ્રાંતિજ વિધાનસભા સીટ ઉપરથી ચુંટાઈ આવતા આજરોજ બેંકમાં બોર્ડ મિટીંગમાં બોર્ડ ઓફ ડીરેકટર્સ, ચેરમેન મહેશભાઈ પટેલ તથા વાઈસ ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી તેમજ ચીફ એકઝીકયુટીવ એચ.પી.નાયક તેમજ અધિકારીગણે બન્નેનું સન્માન કર્યુ હતુ આ પ્રંસગે બેંકના ચેરમેન મહેશભાઈ પટેલે જણાવેલકે આપણા બેંક માટે ગોરવની બાબત છે બંન્ને ધારાસભ્યો ઉત્તરોતર સેવા કરે અને પ્રજા કલ્યાણી કામોમાં તેમને સફળતા મળે તેમના નેતૃત્વમાં વધુ વિકાસ થાય તેમ જણાવેલ.

## અરવલ્લી જિલ્લામાં દિવ્યાંગ દિવસની ઉજવણી કરાઈ

ગુજરાત સર્વ શિક્ષણ અભિયાન હેઠળ ૩ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત મોડાસા બીઆરસી ભવન ખાતે આઈ.ઈ.ડી યુનિટ દ્વારા ૨૦ ડિસેમ્બર-૨૦૧૭ના રોજ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દિવ્યાંગ બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો વિવિધ રમતો રમાડવામાં આવી હતી. બાળકોમાં રહેલી અક્ષમતાઓ સામે કઈ રીતે વર્તન કરવાની સાથે સક્ષમ બનાવવા માટે બાળકોના વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# સફળ થવા માટે તમારા દિલની વાતને અનુસરો, કશુંક નવું કરવાનું સાહસ કરો : ડૉ. માલિની શંકર

### ૨૪૪૨ વિદ્યાર્થીઓને વિવિધ પદવીઓ અને સત્તાવન વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ગોલ્ડમેડલ અર્પણ

ગણપત વિદ્યાનગર, તા. ૨૦

'તમારા દિલની વાત માનો અને જીવનમાં સાહસનો પંથ પસંદ કરો. કારકિર્દીની પરંપરિત પસંદગીને બદલે નવું કશુંક ચૂંટો તો પણ એ વધુ ફાયદાકારક બની શકે અને વધુ સારા પરિણામો મળી શકે, શરત માત્ર એટલી છે કે તમે એને માટે ખૂબ મહેનત કે પુરૂષાર્થ કરો.'





ગણપત યુનિવર્સિટીના ૧૧ પદવીદાન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે કોન્વોકિશન-સ્પીચ આપતા દેશના ડાયરેક્ટર જનરલ ઓફ શિપિંગ ડૉ. માલિની શંકરે ગઈકાલે પદવી પ્રાપ્ત કરી રહેલા વિદ્યાર્થીઓને ઉપરોક્ત શબ્દોમાં શીખ આપી હતી. એમણે હાવર્ડ યુનિવર્સિટીના એક અભ્યાસનો દાખલો આપીને સારા લોકોની સંગતમાં જીવન વધુ સુખરૂપ બની શકે છે તે મુદ્દાને પણ પોતાના મનનીય પ્રવચનમાં સમાવ્યો હતો.

કુલ ૨૪૪૨ જેટલા વિદ્યાર્થીઓએ પોતપોતાના વિષયમાં વિશેષ અભ્યાસ કરી આ કોન્વેકિશનમાં પદવીઓ મેળવી હતી, જેમાં ૫૭ વિદ્યાર્થીઓએ જે તે વિષયમાં વધારે નિપુણતા સાથે શ્રેષ્ઠ દેખાવ કરી ગોલ્ડમેડલ હાંસલ કર્યા હતા. ગોલ્ડમેડલ જીતનારાઓમાં ૩૩ ભાઈઓ હતા ૨૪ જેટલી યુવતીઓ હતી.

વિવિધ પદવીઓ પ્રાપ્ત કરનાર ૨૪૪૨ વિદ્યાર્થીઓમાં પીએચડીના ૨૭, એમફીલના ૧૩, માસ્ટર ડીગ્રીના ૭૪૩, સ્નાતક ૧૫૮૦ અને ડિપ્લોમાના ૭૯ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

ગણપત યુનિવર્સિટી દ્વારા જે જ્ઞાન પિરસવામાં આવે છે તેમાં કુલ સાત વિદ્યાશાખાઓને આવરી લેવામાં આવી છે. એન્જિનિયરિંગ અને ટેકનોલોજી, ફાર્મસી, કોમ્પ્યુટર એપ્લિકેશન્સ, મેનેજમેન્ટ સ્ટડીઝ, ફેકલ્ટી ઓફ સાયન્સ, ફેકલ્ટી ઓફ એજ્યુકેશન અને સોશિયલ સાયન્સ એન્ડ હ્યુમેનિટિઝ.

ગણપત વિદ્યાનગરના હરિયાણા ઉપવન સમા કેમ્પસ ઉપર યોજાયેલ ૧૧મા પદવીદાન સમારંભમાં વિદ્યાર્થીઓના વિશાળ વર્ગને જ્ઞાન-દીક્ષા અર્પણ કરવાના પાવન અવસરે ભારત સરકારના ડાયરેક્ટર જનરલ ઓફ શિપિંગ ડૉ. માલિની શંકર મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા તો ગણપત યુનિવર્સિટીના પેટ્રન-ઈન-ચિફ ગણપતભાઈ પટેલ તેમજ સુખ્યાત ઉદ્યોગપતિ ગોવિંદભાઈ પટેલ વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. યુનિ.ના પ્રેસિડેન્ટ અનિલભાઈ પટેલ તેમજ ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્માએ પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યા હતા.

# અમિત શાહે દત્તક લીધેલ અરવલ્લી જિલ્લાની ત્રણ બેઠકો પર ભાજપનો પરાજય

અરવલ્લી, તા. ૨૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ભાજપના રાજકારણમાં ચાણક્ય ગણાતા અમિત શાહની જોડીનો જાદુ બરકરાર રહ્યો પરંતુ અરવલ્લી જિલ્લામાં ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના કબ્જામાં રહેલી ત્રણ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાવવા અમિત શાહની ચાણક્ય નીતિના ભાગરૂપે જિલ્લાને દત્તક લીધો હતો અને રાજયસભાના સાંસદ તરીકે કેન્દ્રમાંથી ફળવાતી તમામ ગ્રાન્ટ અરવલ્લી જિલ્લાના વિકાસ માટે આપવાની જાહેરાત કરી ગ્રાન્ટ પણ ફાળવવામાં આવી હોવા છતા વિધાનસભાની ત્રણે બેઠકો પર ભાજપને સજ્જડ હારનો સામનો કરવો પડ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ અરવલ્લી જિલ્લામાં સમાવિષ્ટ ત્રણ વિધાનસભા બેઠકો પર ૨૦૧૨ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો દબદબાભેર વિજય થતા ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાસે રહેલી ત્રણે બેઠકો આંચકી લેવા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતશાહની સીધી દેખરેખ હેઠળ રાજ્યના મોવડી મંડળ દ્વારા ભારે કવાયત હાથ ધરી હતી અને રાજકારણના ચાણક્ય ગણાતા ચૂંટણીમાં ચાણક્યનીતિ અપનાવી મોટાભાગના રાજ્યોમાં ભાજપને સત્તા સ્થાને બેસાડનાર અમિતશાહએ ચાણક્ય નીતિના ભાગરૂપે અરવલ્લી જિલ્લાને દત્તક લેવાની જાહેરાત કરી ગ્રાન્ટ પણ વિકાસ માટે ફાળવવામાં આવી હતી અને વિધાનસભાની ચૂંટણી ધ્યાને રાખી અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ચૂંટણીના થોડા મહિના અગાઉ વડાપ્રધાન નરેન્દ્રમોદી દ્વારા કરોડો રૂપિયાની પાણી પુરવઠા વિભાગની યોજના સહીત વિકાસના અનેક કામોના લોકાર્પણ અને ખાતમુહત કરવામાં આવ્યા હતા.

તદ્દુપરાંત કોંગ્રેસના જાતિવાદ રાજકારણનો વિરોધ કરનાર ભાજપ દ્વારા અરવલ્લી જિલ્લાની મોડાસા-ધનસુરા અને બાયડ-માલપુર બેઠક પર જાતિગત સમીકરણોને ધ્યાને રાખી ઉમેદવારોની પસંદગી કરવા છતા અમિતશાહની ચાણક્યનીતિ સંપૂર્ણ નિષ્ફળ રહેતા ત્રણે બેઠકો પર તાજેતરમાં યોજાયેલ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોએ કોંગ્રેસના ઉમેદવારો સામે હારનો સામનો કરવો પડતા અરવલ્લી જિલ્લામાં ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોમાં ભારે નિરાશા ફેલાયી હતી.

# આઈસીએઆઈ દ્વારા ૨૨-૨૩ ડિસેમ્બરે શહેરમાં મેગા સમિટ

અમદાવાદ, તા.૨૦

ધી ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)ની ડબલ્યુઆઈઆરસીની અમદાવાદ બાંચ દ્વારા આગામી તા.૨૨ અને ૨૩ ડિસેમ્બર દરમ્યાન શહેરમાં સરદાર પટેલ મેમોરિયલ, યુનિવર્સિટી કન્વેન્શન હોલ, હેલ્મેટ સર્કલ ખાતે બી ધ ચેન્જ વિષય પર મેગા સમીટનું આયોજન કરવામાં આવ્યું છે. સૌથી મહત્વની અને નોંધનીય વાત એ છે કે, આ મેગા સમીટમાં દેશના પ્રખર અર્થશાસ્ત્રી અને રાજયસભા સાંસદ ડો.સુબ્રમણ્યન સ્વામી દ્વારા ભારતીય અર્થતંત્ર, તેના પડકારો અને આગળના રસ્તા વિષય પર મુખ્ય પ્રવચન આપશે. દેશભરમાંથી અંદાજે ૧૧૦૦થી વધુ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ આ મેગા સમીટમાં ભાગ લેશે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની આ મેગા સમીટને લઈ પ્રખર અર્થશાસ્ત્રી અને ભાજપના દિગ્ગજ નેતા ડો.સુબ્રમણ્યન સ્વામી તા.૨૩મી ડિસેમ્બરે અમદાવાદમાં આવવાના છે એમ આઈસીએઆઈની અમદાવાદ બ્રાંચના ચેરમેન સીએ ચિંતન પટેલે જણાવ્યું હતું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ માટે યોજાનારી મેગા સમીટની આ મેગા ઈવેન્ટને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે કારણ કે, તેમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાત તજજ્ઞો અને દિગ્ગજ મહાનુભાવો હાજરી આપવાના છે.



મોડાસાના વોલ્વા ગામ નજીક રાજસ્થાનના એક જૈન સમાજના વ્યક્તિ તેની મનોકમાના ફળીભૂત થતા તેના માટે રાખેલ વિજાપુરના મહુડીધામ ખાતેની બાધા પૂર્ણ કરવા નીકળેલા જૈન સમાજના ૨૫૦ લોકોનો સંઘ હાથી, બળદગાડા અને ઊંટલારીઓ સાથે પગપાળા મોડાસાના વોલ્વા ગામ નજીક રાજસ્થાનના એક જૈન સમાજના વ્યક્તિ તેની મનોકમાના ફળીભૂત થતા બાધા પૂર્ણ કરવા નીકળેલા જૈન સમાજના ૨૫૦ લોકોનો સંગ પગપાળા નીકળ્યા હતા. ત્યારે અગમ્ય કારણોસર વોલ્વા ગામની સીમમાં ત્રણ ઊંટ એકાએક અગમ્ય કારણોસર પટકાતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અને આ અંગે જીવદયાપ્રેમી નિલેશ જોશીને જાણ કરતા ઘટનાસ્થળે ધસી જઈ ઊંટની સારવાર હાથ ધરાવા છતાં મોત નિપજતા હતા.

# ભિલોડા ભાજપના ઉમેદવારની પક્ષ વિરૂદ્ધ કામ કરનાર પાંચ સામે પગલાં લેવા માંગ

છોટાઉદેપુરના એસપી પદેથી રાજીનામુ આપી અરવલ્લી જિલ્લાની ૩૦-વિધાનસભા ભિલોડા બેઠક પર ભાજપ ની ટીકીટ પર ચૂંટણી લડનાર પૂર્વ આઈપીએસ અધિકારી પી.સી.બરંડાનો કોંગ્રેસના ઉમેદવાર ડૉ. અનિલ જોષીયારા સામે ૧૨ હજારથી વધુ મતથી પરાજય થતા હારેલા ઉમેદવાર દ્વારા હારના કારણો અંગે વિશ્લેષણ કરવામાં આવતા તેમની હાર માટે પક્ષના પાયાના કાર્યકરોએ પક્ષ વિરુદ્ધ કાર્ય કર્યું હોવાનું બહાર આવતા સમસમી ઉઠ્યા હતા અને ૫ અગ્રણી હોદેદારો સામે શિક્ષાત્મક પગલાં ભરવા પ્રદેશ કક્ષાએ લેખિતમાં રજુઆત કરતા અરવલ્લી જિલ્લાના ભાજપ પક્ષના રાજકારણમાં હડકંપ મચ્યો હતો. જિલ્લાની ત્રણે બેઠકો પર ભાજપના ઉમેદવારોની સજ્જડ હાર થતા જિલ્લાના અને મોડાસા શહેરના સંગઠનમાં ભારે ફેરફાર થવાની સંભાવના લોકો જોઈ રહ્યા છે.

પૂર્વ આઈપીએસ અધિકારી પી.સી.બરંડા છોટા ઉદેપુર એસપી તરીકે રાજીનામુ આપી તાત્કાલિક ભિલોડા વિધાનસભા બેઠક પર ભાજપ પક્ષ તરફતી ટીકીટ મેળવી ચૂંટણી જંગમાં જંપલાવી જીત માટે જોરશોર થી પ્રચાર-પ્રસાર કર્યો હતો અને ભિલોડા વિધાનસભા બેઠકના તમામ વિસ્તારોમાં ભરપૂર આવકાર મળતા આસાનીથી કોંગ્રેસના ઉમેદવારને હાર આપી જીત પ્રાપ્ત થવાની ધારણા વચ્ચે ૧૮ ડિસેમ્બરે પરિણામ જાહેર થતા ૧૨ હજાર મતથી પરાજય થતા પી.સી. બરંડા સહીત તેમના કાર્યકરોમાં ભારે નિરાશા સાંપડી હતી અને હાર થવાના કારણો અંગે વિશ્લેષણ કરતા પક્ષના અગ્રણી કાર્યકારોએ જ પક્ષ વિરોધી કામગીરી કરી હોવાનું બહાર આવતા નીલાબેન મોડિયા (ઉપ-પ્રમખ અરવલ્લી જિલ્લા, હસમુખભાઈ મોડિયા (સક્રિય કાર્યકર) રાજુભાઈ નિનામા(જિલ્લા કારોબારી સભ્ય), યવંતીકાબેન ડામોર(મહામંત્રી-જિલ્લા મહિલા મોરચો, ડિરેક્ટર-વન વિકાસ નિગમ અરવલ્લી જિલ્લો) અને બળવંતભાઈ ભોઈ (ઉપપ્રમુખ, જિલ્લા અનુ.જન.જાતિ અરવલ્લી) વિરુદ્ધ કોંગ્રેસ તરફી મતદાન કરવામાં સિંહ ફાળો હોવાનો આક્ષેપ સાથે અરવલ્લી જિલ્લા પ્રમુખ સહીત પ્રદેશ સંગઠનમાં લેખિત રજુઆત સાથે શિક્ષાત્મક પગલાં ભરવાની માંગ કરતા જિલ્લાના ભાજપ પક્ષના રાજકારણમાં ભારે હડકંપ મચ્યો છે.

## મતો મળ્યા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જિલ્લામાં સૌથી મોટી સરસાઈ શંભુજી ઠાકોરનો મળી છે જે ૧૧,૫૩૮ મતની છે. આ પછી દહેગામના બલરાજસિંહ ચૌહાણ આવે છે જેમની સરસાઈ ૧૦,૮૬૦ મત છે. ત્રીજા ક્રમે કોંગ્રેસના બળદેવજી ઠાકોર આવે છે જેમને ૭૯૬૫ મતની સરસાઈ મળી છે. ગાંધીનગર (ઉ) બેઠક પર કોંગ્રેસના ડૉ. સી.જે. ચાવડાને ૫૭૩૬ મતની અને માણસાની બેઠકના વિજેતા ઉમેદવાર સુરેશ પટેલને ૫૨૩ મતની સરસાઈ મળી છે.

જિલ્લામાં અન્ય રાજકીય પક્ષો અને અપક્ષોને ૩.૩૧ ટકા મત મળ્યા છે. દહેગામના અપક્ષ ઉમેદવાર મલેક અમજદહુસેનને ૧૬૩૧ મત મળ્યા છે. તો બહુજન સમાજપાર્ટીના ગાંધીનગર(દ) બેઠકના ઉમેદવાર પિયુસભાઈ જાદુગરને ૨૭૬૧ મત મળ્યા છે.

જિલ્લામાં પાંચેય બેઠક પર થયેલ કુલ મતદાનના ૨ ટકા મત નોટાને ફાળે ગયા છે. સૌથી વધુ ટકાવારીની દ્દષ્ટિએ નોટા ૨.૬૮ ટકા દહેગામમાં મતદારોએ પસંદ કર્યો છે. તો ગાંધીનગર (દ)માં ૨.૧૪ ટકા મતદારોએ અને ગાંધીનગર(ઉ)માં ૧.૮૩ ટકા મતદારોએ નોટાને મત આપી રોષ વ્યક્ત કર્યો છે.

## રવિ સીઝન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

બટાટાની ખેતી થઈ છે. શાકભાજી પાકોનું વાવેતર થોડુ થોડુ અને છુટુછવાયુ હજુ ચાલુ છે. જો કે અત્યાર સુધીમાં ૫૫૭૩ હેક્ટર વિસ્તારમાં આ વાવેતર થયુ છે અને વધુ ૧૫૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થવાની શક્યતાઓ રહેલી છે.

જિલ્લામાં તમાકુના પાકનું વાવેતર ૮૩૦ હેક્ટરમાં તેમજ રાઈનું વાવેતર ૯૨૫ હેક્ટરમાં થયુ છે. જિલ્લામાં સવાનું અને ડુંગળીના પાકનું પણ ૧૫ હેક્ટરમાં વાવેતર થયુ છે જે જિલ્લામાં પ્રયોગ હેઠળ છે.

## કાદવ કીચ્ચડ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શહેરમાં વર્ષોના અંતે સેકટરની વસતી અને વિકાસની સાથે માળખાગત સુવિધાઓને અપગ્રેડ કરવામાં આવતી નથી. જેના લીધે સેકટરોમાં પાણી ગટર લાઈનના પ્રશ્નો વારંવાર ઉઠતા રહે છે. ગત દિવસોમાં શહેરના મુખ્યમાર્ગો પર પાણીની લાઈનમાં લીકેજીસની સમસ્યા પણ શિરદર્દ સમાન બની હતી. જયારે હવે માર્ગઆસપાસ સ્થિત વરસાદી પાણીના નિકાલની લાઈન પણ ઉભરાતી નજરે પડે છે. સ્ટાર્મ વોટર લાઈનની યોગ્ય સફાઈના અભાવે પણ વારંવાર લીકેજીસની સમસ્યા ઉદભવતી હોવાનુ ધ્યાને આવ્યુ છે. સેકટરોમાં હજુ પણ સ્ટોર્મ વોટર લાઈનનુ ઠેકાણુ પડયુ નથી. હાલની સ્થિતિએ માત્ર ૭ સેકટરોમાં જ સ્ટોર્મ વોટર લાઈન ઉપલબ્ધ છે. જયારે અન્ય ઠેકાણે લાઈન નાંખવા માટે એજન્સી મારફતે સર્વે અને અભ્યાસની કામગીરી પુર્ણ કરી દેવાયા બાદ કોઈ પગલા લેવાયા નથી. ત્યારે સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી પણ ઝડપથી હાથ ધરાય તેવી માંગ ઉઠવા પામી છે. નગરના ખ-૭ થી આદિવાડા માર્ગ પર લાઈન ઉભરાતા આસપાસ પાણીના ભરવા વચ્ચે કાદવ કિચ્ચડ જોવા મળી રહયો છે.

## આજીવન કારાવાસ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પોતાના મિત્ર મારફતે ફોન કરીને કહેડાવ્યું હતું કે, અંજુએ આત્મહત્યા કરી લીધી છે. અંજુના પરિવારના સભ્યોએ ઈલિયાસી ઉપર હત્યાનો આક્ષેપ મુક્યો હતો. ૧૯૯૫માં સુહેબ ઈલિયાસીએ પત્નિની સાથે મળીને ક્રાઈમ શો ચલાવ્યો હતો. ૧૯૯૮માં ટીવી ક્રાઈમ શો ઈન્ડિયાસ મોસ્ટ વોન્ટેડ ખુબ લોકપ્રિય તરીકે રહેતા ઈલિયાસીની બોલબાલા વધી હતી. વર્ષ ૨૦૦૦માં પત્નિની હત્યા બાદ આ શોને બંધ કરી દેવાની ફરજ પડી હતી. પોલીસના કહેવા મુજબ એ ગાળા દરમિયાન અંજુની બહેન રશીને એક ડાયરી પોલીસને આપી હતી. તેમાં અંજુએ ઘણી બધી બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. અંજુની હત્યા મયુર વિહારના એપાર્ટમેન્ટમાં કરવામાં આવી હતી. તે ગાળા દરમિયાન તેના બે અંગત સુરક્ષા કર્મી રાજકુમાર અને શત્રુઘ્ન તૈનાત હતા. પોલીસને તપાસ દરમિયાન બાથરુમમાં લોહીના નિશાન મળી આવ્યા હતા.

## નહીં માગે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

માફીની માંગ કરવી ખોટી વાત છે.× મંગળવારે પણ મોદીની માફીની માગને લઈને કોંગ્રેસે સંસદમાં હોબાળો કર્યો હતો.

રાજ્યસભા એક દિવસ માટે સ્થગિત થયા બાદ ગુલાબ નબી આઝાદે કહ્યું કે, અમે વડાપ્રધાનનું સન્માન કરીએ છીએ, તેમણે ગૃહમાં આ વાત કહેવાની હિંમત દાખવવી જોઈએ. જો તેમને માફી માંગવામાં મુશ્કેલી પડતી હોય તો તેમણે એવું સ્વીકારવું જોઈએ કે ગુજરાતની ચૂંટણી જીતવા માટે આવા આરોપ કર્યા હતા. અને કહો કે હું મારા શબ્દો પાછા લઉં છું.

આ બધાની વચ્ચે રાજ્યસભાના સભાપતિ વેંકૈયા નાયડુની અપીલની પણ કોઈ અસર કૉંગ્રેસ સાંસદો પર પડી નહીં. કૉંગ્રેસના કેટલાંક નેતા સતત સૂત્રોચ્ચાર કરતાં રહ્યાં. ગૃહમાં હંગામાને જોતા ઉપરાષ્ટ્રપતિએ ૧૨ વાગ્યા સુધી રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કર્યા બાદ ફરી ૧૨ વાગ્યે શરૂ થાં સતત હોબાળો થતા ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી.